For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

બિહારથી સુરતમાં થતી બાળ તસ્કરીનો પર્દાફાશ

સાડીના કારખાનાઓમાં મજૂરી માટે લવાતાં 39 બાળકોને બચાવાયાં

કટિહારથી બાળકોને ટ્રેનમાં સુરત લાવી રહેલા છ આરોપી ઝડપાયા

સુરત : આરપીએફએ મુંબઇ સમર એક્સપ્રેસ ટ્રેનમાંથી બિહારના કટિહારથી સુરત લવાઇ રહેલા 39 બાળકોને બચાવી લીધા છે. આ તમામ બાળકોને વિદિશા, દેવાસ અને રતલામ સ્ટેશન પર ઉતારવામાં આવ્યા હતાં. રેલવે પોલીસના જણાવ્યા મુજબ બાળકોના સંરક્ષણ માટે કામ કરતી સંસ્થા વિદિશા વેલફેર સોસાયટીને મંગળવારે રાત્રે બાતમી મળી હતી કે, 30થી 35 જેટલા બાળકોને ઠેકેદારો દ્વારા મુંબઇ સમર સ્પેશિયલ ટ્રેન દ્વારા બીજા રાજ્યોમાં કામ કરવા માટે મોકલવામાં આવી રહ્યાં છે. આ માહિતીની તપસા માટે બુધવારે સવારે 5 વાગ્યે મુંબઇ સમર સ્પેશિયલ ટ્રેન જેવી વિદિશા પહોંચી ત્યારે આરપીએફ અને જીઆરપીએ સંયુક્ત ઓપરેશન શરુ કર્યું હતું. જેમાં 21 બાળકોને અન્ય મુસાફરો સાથે સફર કરી રહ્યાં હોવાનું જાણવા મળ્યુ હતું. આ બાળકોને પહેલા આરપીએફ પોલીસ સ્ટેશન લઇ જવામાં આવ્યા હતાં અને ત્યાંથી બાલ કલ્યાણ સમિતી સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતાં. ત્યાંથી તમામને ચાત્રાવાસમાં મોકલવામાં આવ્યા હતાં. બાલ કલ્યાણ સોસાયટીના સંસ્થાના કોઓર્ડિનેટર સ્વપનિલ દુબેએ હતું કે, હાલમાં બાળકોના સ્વજનો સાથે વાતચીત કરવામાં આવી રહી છે. ત્યારબાદ બાળકોને તેમના માતા-પિતાને સોંપી દેવામાં આવશે. બાળકોની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, તેમને ઊંચી મજૂરીની લાલચ આપીને લઇ જવાઇ રહ્યાં હતાં.

...અનુસંધાન પાના 5 પર

300 રૂપિયા રોજના પગારનો વાયદો કર્યો હતો

છોડાવાયેલા એક બાળકે જણાવ્યું હતું કે, તે પરિવારમાં સૌથી મોટો હોવાથી તેના પિતાએ તેને કમાણી માટે મોકલ્યો હતો. ઠેકેદારોએ એક દિવસના 300 રૂપિયા નક્કી કર્યા હતા અને એક મહિનાના એડવાન્સ પણ આપી દીધા હતા. એટલું જ નહીં તેમને સાડીનું હુન્નર પણ આવડી જશે તેમ પણ કહ્યું હતું.

કેટલાંક બાળકોને મદરેસાના નામે લવાયાં

બચાવી લેવાયેલા બાળકો પૈકી કેટલાકે કહ્યું હતું કે, તેમને મદરેસામાં ભણવાના નામે લઇ જવામાં આવી રહ્યાં હતાં. તો કેટલાકે કબૂલાત કરી હતી કે સુરતના સાડીના કારખાનામાં કામ કરવા માટે તેમને લઇ જવાઇ રહ્યાં હતાં.



બાળ તસ્કરીમાં પકડાયેલા છ આરોપી

(1) મોહંમદ મસદૂર (રહે. કટિહાર, બિહાર)
(2) સગીર આલમ (રહે. કટિહાર, બિહાર)
(3) મોહંમદ બાબર (રહે. કટિહાર, બિહાર)
(4) મોહંમદ જિયા ઉલ (રહે. કટિહાર, બિહાર)
(5) મોહંમદ અન્સાર (રહે. કિશનગંજ, બિહાર)
(6) ઇજ્જામુલ અલી (રહે. પૂર્ણિયા, બિહાર)

બાતમીના આધારે અમે કામ કર્યું : સ્વપ્નિલ દુબે

મધ્યપ્રદેશમાં કાર્યરત વિદિશા સોશિયલ વેલફેર ઓર્ગેનાઇઝરના કો ઓર્ડિનેટર સ્વપનીલ દુબેએ જણાવ્યું હતું કે, તેમની સંસ્થા બાળકોના ઉત્થાન અને તેમના પર થતાં અત્યાચાર રોકવાનું કામ કરે છે. દરમિયાન તેમને કટિહારથી ટ્રેનમાં બાળકોને સુરત લઇ જવાતા હોવાની બાતમી મળી હતી. જેના આધારે તેમની સંસ્થાના સભ્યોએ પોલીસ સાથે મળી સમય બગાડ્યા વગર અંધારામાં મળસ્કે પાંચ વાગ્યાથી જ ઓપરેશન શરૂ કરી દીધું હતું.

ખાડીપૂરની સમીક્ષા બેઠકમાં પ્રભારી મંત્રીએ ઝીંગા તળાવો મુદ્દે સિંચાઇ વિભાગનો કાન આમળ્યો

કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ અને પ્રભારી મંત્રીની સૂચના બાદ પણ ઝીંગા તળાવો હટાવવામાં કાચબાગતિ કેમ ?

ઝીંગા તળાવો હટાવવા જતા નીકળતી લાખો ટન માટીના નિકાલની સમસ્યા કલેક્ટરે આગળ ધરી

સુરત: નાણા અને ઉર્જા મંત્રી તથા સુરત જિલ્લા પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષતામાં સુરત શહેર-જિલ્લાની બ્રિજોની વર્તમાન સ્થિતિ તથા સુરત ખાડીપુર નિવારણ બાબતે પદાધિકારીઓ-અધિકારીઓ સાથે તબક્કાવાર બેઠકો કરી, જરૂરી સૂચનો કર્યા હતા. આ મીટિંગમાં ઝીંગા તળાવો હટાવવા મુદ્દે કાચબાગતિ મામલે ફરી પ્રભારી મંત્રીએ જિલ્લાના વહીટવટીતંત્રનો કાન આમળ્યો હતો. જો કે કલેક્ટર દ્વારા ઝીંગા તળાવ હટાવવા જતા નીકળતી લાખો ટન માટીના નિકાલની સમસ્યાનો મુદ્દે આગળ ધર્યો હતો. જેમાં પ્રભારી મંત્રીએ સૂચના આપી હતી કે સરકારી પ્રોજેક્ટમાં

...અનુસંધાન પાના 5 પર

જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા 10 હજાર ચોરસ મીટરમાં ઝીંગા તળાવો હટાવ્યાનો દાવો

ઝીંગા તળાવો યુધ્ધના ધોરણે હટાવવા માટે કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ અને મારા દ્વારા પણ સૂચના આપવામાં આવી હોવા છતા સિંચાઇ વિભાગ હજુ કેમ ધીમી કામગીરી કરી રહ્યું છે. જેના જવાબમાં કલેક્ટર દ્વારા જણાવાયું હતું કે, અત્યાર સુધીમાં 10 હજાર ચોરસ મીટર જગ્યા પરથી ઝીંગા તળાવો તોડી પડાયા છે. જો કે ઝીંગા તળાવોની માટીના નિકાલની સમસ્યા હોવાથી કામ ઝડપથી થઇ શકતુ નથી.

ખાડીપૂરની સમસ્યા દૂર કરવા લાંબા ગાળાના આયોજન માટે ગાંધીનગરમાં હાઇલેવલ મિટિંગ થશે

ખાડીપુર નિવારણ સમિતિની બેઠકમાં ખાડીઓમાં ઉપરવાસમાંથી આવતા વરસાદી પાણીના નિકાલ અંગે મહાનગરપાલિકા તથા જિલ્લાના અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. પ્રભારીમંત્રી સમક્ષ સુરતમાં જયાંથી ખાડી શરૂ થયા છે ત્યાંથી દરિયાને મળે ત્યાં સુધીનું પ્રેઝન્ટેશન કરાયું હતું. જેમાં ઘણી જગ્યાએ તો ખાડી માત્ર પાંચ ફૂટની પણ થઇ જતી હોવાનું અને ખાડીમાંથી રસ્તા પણ પસાર થતું હોવાનું જોઇને પ્રભારી મંત્રી ચોંકી ગયા હતા. તેમજ ભવિષ્યની મુશ્કેલી નિવારવા લાંબાગાળાના આયોજન માટે રાજ્યસ્તરે સિંચાઇ વિભાગ સાથે પરામર્શ કરીને વિચારણ કરવામાં આવશે તેમ જણાવી હવે સિંચાઇ વિભાગ, મનપા કલેક્ટરાલય અને રેવન્યુ વિભાગના મંત્રીઓને પણ સાથે રાખી ગાંધીનગરમાં હાઇ લેવલ મીટીંગ બોલાવી પ્લાનિંગ કરવાના સંકેત આપ્યા હતા.

ટોળું કાબુમાં લેવા સમગ્ર જિલ્લાની પોલીસ ખડકી દેવાઈ

કરચેલીયામાં પરપ્રાંતિય યુવાને સગીરાની છેડતી કરતાં ગ્રામજનોનું પોલીસ સાથે ઘર્ષણ

પોલીસે પરપ્રાંતિય યુવાનને છોડી મુકતા ૫૦૦ થી વધુ લોકોનું ટોળુ ભેગુ થતા વાતાવરણ તંગ બની ગયું

ટોળાએ પરપ્રાંતિય યુવાનની દુકાનમાં પથ્થરમારો કરી સામાન સળગાવી દીધો

પોલીસ સાથે પણ ટોળાએ ઝપાઝપી કરી પથ્થરમારો કરતા એક પોલીસ કર્મચારી ઘવાયો

અનાવલ : મહુવા તાલુકાના કરચેલીયા ગામમાં પરપ્રાંતિય યુવાને સગીરાની છેડતી કરી હોવાના આક્ષેપ સાથે કરચેલીયામાં લોકટોળું ભેગું થઇ ગયું હતું અને ટોળાએ પરપ્રાંતીય યુવાન સામે રોષ વ્યકત કરી તેમની દુકાનનો સામાન સળગાવી દુકાન પર પથ્થરમારો કર્યો હતો. પોલીસે ટોળાને કાબુમાં લેવાનો પ્રયત્ન કરતા પોલીસ સાથે પણ ઘર્ષણ સર્જાયું હતું. થોડો સમય માટે કરચેલીયા ગામનું વાતાવરણ તંગ બની જતા ઘટનાને પગેલ કરચેલીયા ગામમાં તેમજ સ્ટેટ હાઈવે પર ભારે ટ્રાફિક જામ થઈ ગયો હતો અને જિલ્લાની પોલીસ કાફલો ખડકી દેવામાં આવી હતી.

પ્રાપ્ત વિગત મુજબ મહુવા તાલુકાના કરચેલીયા ગામમાં સગીરા સવારે રડતા રડતા શાળાએ પહોંચી હતી. જેને પગલે શાળાની શિક્ષિકાએ સગીરાને રડવાનું કારણ પુછતા કરચેલીયા બજારમાં રાજ નોવેલ્ટી નામની દુકાન ચલાવનાર પરપ્રાંતિય યુવાન કિશન મારવાડીએ શરીરે અડપલા કર્યા હોવાનું જણાવતા જ શિક્ષિકાએ ઘટના અંગે ગામના સરપંચને જાણ કરી હતી. સરપંચે ત્વરિત મહુવા પોલીસને ઘટના અંગે જાણ કરતા મહુવા પોલીસ પરપ્રાંતિય યુવાનને મહુવા પોલીસ મથકે લઈ ગઈ હતી. જ્યાં દિવસ દરમિયાન તપાસ અને પૂછતાછ ચાલ્યા બાદ સગીરાના પરિવારજનોએ ઘટના અંગે ફરિયાદ આપવાનું ટાળતા પોલીસે પરપ્રાંતિય યુવાનને સાંજે છોડી મુક્યો હતો.

સગીરાની છેડતી કરનાર પરપ્રાંતિય યુવાનને પોલીસે છોડી મુક્યો હોવાના સમાચાર વાયુવેગે ફેલાતા મોટી સંખ્યામાં કરચેલીયા તેમજ આજુબાજુના ગામના યુવાનોએ કરચેલીયા ગામે ભેગા થઈ આ ઘટનાનો વિરોધ શરૂ કર્યો હતો. લગભગ ૫૦૦ થી વધુ વ્યક્તિઓનું ટોળુ ભેગુ થતા ધીરે ધીરે કરચેલીયા ગામનું વાતાવરણ તંગ બની ગયું હતું. અને ટોળાએ સગીરાની છેડતી કરનાર પરપ્રાંતિય યુવાનની દુકાનમાં પથ્થરમારો શરૂ કર્યો હતો. અને કેટલાક યુવાનો દ્વારા દુકાનમાં મુકેલો સામાન બહાર કાઢી સામાનમાં આગ ચાંપી દીધી હતી. ઘટના અંગે પોલીસને જાણ થતા પોલીસ પણ રાત્રી દરમિયાન ઘટના સ્થળે દોડી આવી હતી. ટોળાએ પોલીસનો પણ ડર રાખ્યા વિના પોલીસની હાજરીમાં દુકાનમાં પથ્થરમારો કરી સામાનને આગ ચાંપી હતી. ટોળાને અટકાવવા જનાર પોલીસ સાથે પણ ટોળાએ ઝપાઝપી શરૂ કરી દીધી હતી. અને પોલીસ પર પણ પથ્થરમારો કરતા એક પોલીસ કર્મચારીને માથામાં પથ્થર વાગતા ગંભીર ઘવાયો હતો. ટોળાને કાબુમાં લેવા કરચેલીયા ગામે જિલ્લાની પોલીસ ખડકી દેવામાં આવી હતી.

ગણેશોત્સવમાં પણ 'ઓપરેશન સિંદૂર' થિમ જોવા મળશે

પહલગામ આતંકવાદી હુમલાબાદ ભારતે પાકિસ્તાન સામે શરૂ કરેલા 'ઓપરેશન સિંદૂર'ના રંગ ભારતના તહેવારોમાં પણ જોવા મળી રહ્યાં છે. આગામી દિવસોમાં આવી રહેલા સુરતના સૌથી મોટા ગણાતા ગણેશોત્સવમાં પણ આ થીમ પર સેટ તૈયાર થઇ રહ્યાં છે.

(તસવીર : હેમંત ડેરે)

મનપાનો એકપણ બ્રિજ જોખમી નહીં હોવાનો રિપોર્ટ

સુરત : મહાનગરપાલિકાના આઈ.સી.સી.સી. સેન્ટર ખાતે યોજાયેલી બેઠકમાં જુદા જુદા વિભાગો હસ્તકના બ્રિજોની સ્થિતિ વિશે પાવર ઓફ પ્રેઝન્ટેશન દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી. સુરત મનપાના ૧૨૧ બ્રિજો હેલ્થ રિપોર્ટ કાર્ડ બનાવવામાં આવ્યા છે. બ્રિજોને બ્રિજ રીહેબીલીટેશન સ્કીમ હેઠળ સમયાતરે રીપેરીંગનું કાર્ય કરવામાં આવે છે તેમજ હાલ કોઇ બ્રિજ જર્જરીત ન હોવાની માહીતી પ્રભારી મંત્રીને મનપા દ્વારા આપવામાં આવી હતી. માર્ગ અને મકાન વિભાગ-૨ના ૯૩ બ્રિજો પૈકી ત્રણ બ્રિજોને ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યા છે જયારે માર્ગ અને મકાન વિભાગ-૧ હસ્તકના છ બ્રિજ સારી સ્થિતિમાં હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. જિલ્લા પંચાયત હસ્તકના ૫૩ બ્રિજો, સુરત નહેર વિભાગ હસ્તકના ૧૭૫ બ્રિજો, કાકરાપાર-જમણાકાંઠા નહેર હેઠળના ૧૦૬, ઉકાઈ ડાબા કાંઠા નહેર હસ્તકના ૧૬ તથા તાપી પાળા વિભાગ હસ્તકના ૧૪૮૩ બ્રિજોની ચકાસણી પુર્ણ કરવામાં આવી હોવાની વિગતો અધિકારીઓએ આપી હતી. નેશનલ હાઈવે નં.૪૮ હસ્તકના ચાર તથા નેશનલ હાઈવે નં.૫૩ના ૨૫ બ્રિજો, ગુજરાત મેટ્રોના સાત, ડી.એ.સી.સી.એલ હસ્તકના ૩૬ તથા ગજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ૧૮, સુડા હસ્તકના સાત, રેલ્વે વિભાગ હસ્તકના ૪૫ બ્રિજોની ચકાસણી કરવામાં આવી હોવાની વિગતો જે તે અધિકારીઓએ પ્રભારી મંત્રી કનુ દેસાઇ સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

મહિલાએ ટ્યુશન ક્લાસનો દરવાજો બંધ કરી 150 વિદ્યાર્થીને પૂરી દીધા

મહિધરપુરા પોલીસે આવીને દરવાજો ખોલાવી પોણો કલાકે તમામને બહાર કાઢ્યા

ટ્યુશન ક્લાસના કારણે થતાં પાર્કિંગને લીધે સંચાલક સાથે મહિલાનો ઝઘડો થતો હતો

બાળકોના વિલંબથી વાલીઓ પણ સોહમ ક્લાસ પર દોડી આવ્યા

સોહમ ક્લાસમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ૩૦ મિનિટ મોડાં ઘરે પહોંચતા વાલીઓમાં ચિંતા ઊભી થઇ હતી. શુક્રવાર સાંજે ૭.૩૦ વાગે છૂટી ગયેલા બાળકો જ્યારે નિર્ધારિત સમયે ઘરે નહીં પહોંચ્યા ત્યારે અનેક વાલીઓ દ્વારા ક્લાસીસના ફોન પર સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ સંચાલક તરફથી યોગ્ય માહિતી મળતી ન હતી,પરેશાન વાલીઓ સીધા ક્લાસીસ પર દોડી આવ્યા હતા. લગભગ પોણો કલાક સુધી બાળકો અંદર અટવાયા રહેતાં તેઓ હકભરાઇ ગયા હતા.

સુરત: મહિધરપુરા કંસારા શેરી સ્થિત એન્ટવર્પ પાર્ક એપાર્ટમેન્ટમાં રહેનારી એક મહિલાએ ગઇકાલે ટ્યુશન ક્લાસીસમાં અભ્યાસ કરતા અંદાજે 150 જેટલા વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને બિલ્ડિંગમાં જ ગોંધી દીધા હતા. ઘટનાની જાણ થતાં મહિધરપુરા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઇ હતી અને વિદ્યાર્થીઓ અને શિક્ષકોને બહાર કાઢ્યા હતા. ઘટનાને ગંભીરતાથી લેતાં પોલીસે મહિલા વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મહિધરપુરા કંસારા શેરી ખાતે એન્ટવર્પ પાર્ક બિલ્ડિંગ આવેલુ છે જેમાં કતારગામ લેકગાર્ડન પાસે રહેતા પરેશભાઇ અંકલેશ્વરિયા વર્ષોથી ટ્યુશન ક્લાસ ચલાવે છે. દરમિયાન ગઇ તારીખ17 જુલાઈ 2025ના રોજ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર રહેતાં 50 વર્ષીય કામિનીબેન મનહરભાઈ સોનીએ

...અનુસંધાન પાના 5 પર

જાહેરનામાનો ભંગ કરી મનમાની કરનારા માટે લાલબત્તીસમાન કિસ્સો

વઘઈના મિલિંદ ધોધના પાણીમાં નાહવા પડતાં બે અને નવસારીમાં પૂર્ણામાં તણાતાં એકનું મોત

વ્યારાના રામપરા ગામના 8 યુવક મિલિંદ ધોધ પાસે નાહવા પડ્યા હતા

નવસારીમાં પિતૃતર્પણ કરવા જતાં બે યુવાન પૂર્ણા નદીમાં તણાયા હતા, એકનો બચાવ

સાપુતારા, નવસારીઃ ડાંગ જિલ્લામાં કુદરતી સૌંદર્યની વચ્ચે નદી નાળાં, ઝરણાં અને નાના-મોટા જળધોધનો લ્હાવો માણવા માટે હાલમાં ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઊમટી રહ્યા છે. ત્યારે સુરક્ષાને ધ્યાને લઈ ડાંગ વહીવટી તંત્રએ પ્રવાસીઓને નદી, નાળાં કે જળધોધમાં ઊતરવા પ્રતિબંધ મૂક્યો છે. છતાં શુક્રવારે તાપી જિલ્લાના વ્યારા નજીકનાં ગામોના પ્રવાસી યુવકો ડાંગના માછળી નજીક આવેલા મિલિંદ જળધોધના ઊંડા પાણીના પ્રવાહમાં નાહવા માટે કૂદી પડતાં ડૂબી ગયા હતા. બીજી તરફ નવસારીના વેરાવળ ખાતે આવેલી સ્મશાનભૂમિ ખાતે પિતૃ તર્પણ કરવા જતાં બે યુવાન પૂર્ણા નદીમાં તણાઈ ગયા હતા. જેમાંથી એકને બચાવી લેવાયો હતો, જ્યારે બીજાનું મૃત્યુ થયું હતું. આમ બે ઘટનામાં ત્રણનાં મોત થયાં હતાં.

શુક્રવારે બપોરે અઢી વાગ્યાના

...અનુસંધાન પાના 5 પર

પુણાગામમાં વેપારીનો ફાંસો ખાઈ આપઘાત

સુરત : પુણાગામમાં ઓનલાઈનના વેપારીએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ રાજસ્થાનના વતની અને હાલ પુણાગામ મુક્તિધામ સોસાયટીમાં અમિત શેશારામ સીરવી (25 વર્ષ) એક સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. અમિત ઓનલાઈનના વ્યવસાય સાથે સંકળાયેલો હતો. શુક્રવારે સવારે અમિતે ઘરમાં લોખંડના હુંક સાથે ચાદર બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹૪૫૦૦/-	₹૩૦૦૦/-	₹૫૨૦૦/-

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

આહિર અવસાન

દિલગીરી સાથે જણાવાનું કે અમારા માતૃશ્રી
સ્વ. કમુબેન વલ્લભભાઈ આહિર
તા. ૧૮/ ૦૭/ ૨૦૨૫ના રોજ અવસાન પામેલ છે.

સદ્ગત નું બેસણું : તા. ૨૦ /૦૭/૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ થી ૨:૦૦ કલાકે રાખેલ છે. તેમનું ક્રિયાપાણી તા.૨૮/૦૭/૨૦૨૫ ને સોમવાર ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે રાખેલ છે.

લિ. અરવિંદભાઈ વલ્લભભાઈ આહિર
દિનેશભાઈ વલ્લભભાઈ આહિર
મો - ૯૮૨૫૫૦૪૨૪૨, ૯૮૨૫૩૧૪૨૪૨

સ્થળ આહિર ફળિયું ગામ - ભીમરાડ, નાયરા પેટ્રોલ પંપની સામે, ભીમરાડ ફાયર સ્ટેશનની બાજુમાં, સુરત.

સ્વ. કમુબેન વલ્લભભાઈ આહિર
સ્વ. તા. ૧૮/૦૭/૨૦૨૫

લેઉઆ પાટીદાર અવસાન

દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી ચંદનબેન સુખાભાઈ પટેલ તા. ૧૬/૦૭/૨૦૨૫ ના રોજ હરિચરણ થયા છે. પ્રભુને ગમ્યું એ ખરું.... પરમકૃપાળું પરમાત્મા દિવ્ય આત્માને મોક્ષ પ્રદાન કરે અને શાંતિ અર્પે. સદ્ગતનું સંયુક્ત બેસણું તા. ૨૧-૦૭-૨૦૨૫ (સોમવાર) ના દિને બપોરે ૦૧:૦૦ થી સાંજે ૦૫:૦૦ કલાક સુધી અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્વ. ચંદનબેન સુખાભાઈ પટેલ
(સ્વ. તા. ૧૬-૦૭-૨૦૨૫)

લિ.
જીતેન-દુભાઈ સુખાભાઈ પટેલ (પુત્ર)
સ્વ. દિનેશભાઈ ભુવાભાઈ પટેલ (જવીરો)(USA)
પરીનભાઈ દિનેશભાઈ પટેલ (પૌત્ર) (USA)
અભિષભાઈ બાબુભાઈ પટેલ (જમાઈ) (USA)
શીરીષભાઈ કે. પટેલ (જમાઈ) (UK)
બહિનેબેન જીતેન-દુભાઈ પટેલ (પુત્રવધુ)
સ.સ્વ.મિનાક્ષીબેન દિનેશભાઈ પટેલ (પુત્રવધુ)(USA)
ભક્તિબેન પરીનભાઈ પટેલ (પૌત્રવધુ) (USA)
દિક્ષુબેન અભિષભાઈ પટેલ (પુત્રી) (USA)
દીનાબેન શીરીષભાઈ પટેલ (પુત્રી) (UK)

પિયર પક્ષ
સ્વ. શશીકાંતભાઈ લાલજીભાઈ પટેલ
સ.સ્વ. કલાબેન શશીકાંતભાઈ પટેલ
ગામ. ગાબડા (ભુવાપણ) તા. બારડોલી, જી. સુરત

બેસણું સ્થળ: મુ. સરઈ, પો. ધામણ, વાયા ડાભેલ, તા. નવસારી

દ્વિતીય પુણ્યતિથિએ સ્નેહભરી શ્રધ્ધાંજલિ

સ્વ. ડિમ્પલ નિલેષ મશરૂવાલા
સ્વ. તા. ૧૯/૭/૨૦૨૩

હે પુણ્યાત્મા શ્રધ્ધા-સ્નેહનાં પુષ્પથી અમારા વંદન, સ્નેહાળરૂપે છત્રછાયા બની સદૈવ વાત્સલ્ય અમી વર્ષા વરસાવતા આપના યશસ્વી જીવનની સ્નેહસ્મૃતિઓ, સુસ્મરણો અમારી મહામૂલી મૂડી છે, પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.

:: લિ. શોકાતુર ::
નિલેષ રામચંદ્ર મશરૂવાલા

રામચંદ્ર કાશીરામ મશરૂવાલા
આદિત્ય નિલેષ મશરૂવાલા
નરેશકુમાર નટવરલાલ વણાસીવાલા
નરેન્દ્રકુમાર શાંતિલાલ જરીવાલા
સ્વ. ઈન્દ્રવદન મૂલચંદદાસ કાંટલીવાલા
હિતેશકુમાર મનહરલાલ લેખડીયા
સ્વ.અ.સૌ. હેમલતા રામચંદ્ર મશરૂવાલા
ધનિષી નિલેષ મશરૂવાલા
નીલીમા નરેશકુમાર વણાસીવાલા
હેમાક્ષી નરેન્દ્રકુમાર જરીવાલા
જયશ્રી ઈન્દ્રવદન કાંટલીવાલા
પ્રીતિ હિતેશકુમાર લેખડીયા